# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦** Web Site:https://gpsc.gujarat.gov.in

જાહેરાતક્રમાંક:-૮૦/૨૦૧૮-૧૯ ગુજરાત નાણા વિભાગ હસ્તકની વાણિજ્યિક વેરા ખાતા હેઠળની ગુજરાત રાજ્ય વાણિજ્ય વેરા સેવા, વર્ગ-૩ ની, નીચે દર્શાવેલ વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર તા.૧૫/૧૦/૨૦૧૮ (બપોરના૧૩:૦૦કલાક) થી તા.૩૦/૧૦/૨૦૧૮(બપોરના૧૩:૦૦કલાક) સુધીમાં ઓનલાઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

નોંધ:(૧) આ જગ્યાઓ માટેસંયુક્ત Screening Test (પ્રાથમિક કસોટી) તા.૧૦/૦૨/૨૦૧૯ના રોજ યોજવામાં આવશે.

(૨) Screening Testનું પરિણામ સંભવત : એપ્રિલ - ૨૦૧૯માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) લેખિત મુખ્ય પરીક્ષા તા.૦૮/૦૬/૨૦૧૯ તથા ૦૯/૦૬/૨૦૧૯ના રોજ યોજવામાં આવશે.

(૪) લેખિત મુખ્ય પરીક્ષાનું પરિણામ સંભવત :ઓગસ્ટ - ૨૦૧૯માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામતજગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વ. | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વ. | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| **રાજ્ય વેરા નિરીક્ષક (STATE TAX INSPECTOR) વર્ગ - ૩** | ૨૦૦ | ૧૦૨ | ૧૪ | ૩૦ | ૫૪ | ૩૩ | ૦૪ | ૦૯ | ૧૭ | ૧૨ | ૨૦ |

૧. ઉપરની જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓ માટેની નિયત શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે:

| જગ્યાનુંનામ | અંધત્વ/ ઓછી દ્રષ્ટિ | જગ્યાની સંખ્યા | શ્રવણની ખામી | જગ્યાની સંખ્યા | હલનચલનની અશક્તતા અથવા મગજના લકવાની અશક્તતા | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| **રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ - ૩** | 40 % to 75 % | ૦૪ | 40 % to 75 % | ૦૪ | OA,OL,OAL,BL | ૦૪ |

૧.શારીરિક અશક્ત ઉમેદવારોને સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ના પરિપત્રક: પરચ /૧૦૨૦૦૮ /૪૬૯૫૦ /ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

૨.મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને ફાળવવામાં આવશે.

૩.શારીરિક અશક્ત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તો તેઓને પોતે જે કેટેગરીના ઉમેદવાર હશે તેમાં ગણવામાં આવશે.

૪.રાજ્ય વેરા વેરા નિરીક્ષક ની જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઉપર લાયક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તેવી જગ્યાઓ અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.



F:EX-ADVT-80/ARDESAI-Dy.S.O